<u>નવી બાબત વર્ષ:૨૦૨૬-૨૭</u>

સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તક ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ, સુરેન્દ્રનગરના નવા મકાનના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/2443/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા.e-sign મુજબ

<u>વંચાણે લીધા:-</u>

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૦૭/૦૩/૨૦૨૬નો પત્ર ક્રમાંક:-DSD/NEW/e-file/226/2025/0839/Planning Branch

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૧૫/૧૦/૨૦૨૫નો પત્ર ક્રમાંક:-DSD/NEW/e-file/226/2025/0839/Planning Branch

(3) નાણા વિભાગના તા.૨૫/૦૨/૨૦૨૬નો પરિપત્ર ક્રમાંક: FD/EXP/e-file/4/2026/0429/Z1(Economy)

<u>આમુખ:-</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના નિયામક, સમાજ સુરક્ષા ખાતા હેઠળ જુવેનાઇલ જસ્ટીસ એક્ટ, ૨૦૧૫ના કાયદા અંતર્ગત સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ/ગર્લ્સની સંસ્થાઓ કાર્યરત છે. ઉક્ત સંસ્થામાં કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકો તથા અનાથ બાળકોને આશ્રય આપવામાં આવે છે. સંસ્થામાં રક્ષણ, તાલીમ અને ભોજનની સવલતો સરકારશ્રી દ્વારા વિના મુલ્યે પૂરી પાડવામાં આવે છે તથા ૦૬ થી ૧૮ વર્ષના બાળકો રહે છે અને અભ્યાસ કરે છે.

વંચાણે લીધેલ ક્રમાંક(૧) સામેના પત્રથી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, સુરેન્દ્રનગરના નવા મકાનના બાંધકામ માટે પ્રથમ વર્ષે કુલ રકમના ૧/૨ લેખે રૂા.૪૪૦.૦૦ લાખ(અંકે રૂપિયા ચારસો ચાલીસ લાખ) તથા કુલ રકમ રૂા.૮,૮૫,૦૦,૦૦૦/-ની નવી બાબતને વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના અંદાજપત્રમાં જોગવાઈ કરવા નિયામક, સમાજ સુરક્ષાએ દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે પ્રથમ વર્ષે કુલ રકમના ૧/૨ લેખે વર્ષ ૨૦૨૬-૨૭માં માર્ગ અને મકાન વિભાગની બજેટ બુકના ભાગ-૧માં રૂા.૪૪૦.૦૦ લાખની(અંકે રૂપિયા ચારસો ચાલીસ લાખ) જોગવાઈ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૨) સામેના પત્રથી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, સુરેન્દ્રનગરના નવા મકાન બાંધકામ માટે કુલ રૂા.૮,૮૫,૦૦,૦૦૦/-ની વહીવટી મંજૂરી તથા પ્રથમ વર્ષે કુલ રકમનાં ૧/૨ લેખે રૂ.૪૪૦ લાખ(અંકે રૂપિયા ચારસો ચાલીસ લાખ) ખર્ચ કરવા માટે નિયામક, સમાજ સુરક્ષાએ વહીવટી મંજૂરી અર્થે દરખાસ્ત કરેલ હતી. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, જી. સુરેન્દ્રનગરના નવા મકાનના બાંધકામ માટે કુલ રૂા.૮.૮૫ કરોડ તથા પ્રથમ વર્ષે સને ૨૦૨૬-૨૦૨૭માં કુલ રકમનાં ૧/૨ લેખે રૂા.૪.૪૦ કરોડના રજૂ કરેલ અંદાજો પૈકી 1.Internal Road માટે રૂ.30.00 લાખ; 2.Parking Arrangements માટે રૂ.૧૦.૦૦ લાખ; 3.Compound wall માટે રૂ.30.00 લાખ; 4.Ground levelling and garden development માટે રૂ.૨૦.૦૦ લાખ; 5.Opening ceremony માટે રૂ.૫.૦૦ લાખ; 6.Furniture 10%(A) માટે રૂ.૪૩.૦૦ લાખ; મંજૂર કરી નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(3) પરના પરિપત્ર અનુસાર ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, સુરેન્દ્રનગર(૫૦ ચિલ્ડ્રન કેપેસીટી)ના નવા મકાન બાંધકામ માટે કુલ **રૂા.૭.૮૩ કરોડ**ની સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ નવી બાબતને તથા તેના ૧/૨ લેખે **રૂા.૪.૦૦ કરોડ**ના ખર્ચને નીચે દર્શાવ્યા મુજબની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:-</u>

1. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
2. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
3. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામકશ્રી, સમાજ સુરક્ષા કક્ષાએથી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

4. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
5. જમીન સંપાદન/પુન: સ્થાપન કે પુન:વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
6. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
7. યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
8. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
10. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
11. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
12. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
13. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. સૂચિત કામો પૈકી જે કામો VBGRAMG હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ VBGRAMG યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ રાખવાની રહેશે.
15. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવી લેવાની રહેશે.
16. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
17. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
18. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
19. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામકશ્રીની કચેરીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન, કે કેન્દ્રીય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
21. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજૂરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
22. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રની જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
23. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
24. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
25. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
26. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
27. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
28. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
29. Road and Building Department Resolution No.RBD/OAS/e-file/16/2022/0002/ Section C Dt. 11/10/2023થી પ્રસિધ્ધ થયેલ Standard Bidding Document (SBD)નું પાલન કરવાનું રહેશે.

30. રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવતાં કામોના ટેન્ડરને મંજૂરી આપવા માટે નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક:સસપ-૧૦૯૭-૧૦૯-ઝથી નિયત થયેલ સત્તામર્યાદા ધ્યાને લેવાની રહેશે.
31. ઉક્ત મિલ્કતના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.
32. સદર કામનું ટેન્ડર કરવામાં આવે તે વખતે કોન્ટ્રાકટર દ્વારા Contractors all risk Policy (CAR)ની પોલીસી વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાની રહેશે.
33. જે મંજૂર થયેલ કામો/બાંધકામના સંદર્ભમાં કામ શરૂ થઇ ગયા હોય અથવા પૂર્ણ થઇ ગયા હોય અથવા પૂર્ણ થનાર હોય તેવા બાંધકામો/કામો બાંધકામોના કિસ્સામાં જયારે નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે ત્યારે આવી મિલ્કતોના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.
34. રાજય ચૂંટણી આયોગના તા.૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક:-ઇએલસી- સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અન્વયે તા.૦૧.૦૪.૨૦૨૬ ના રોજ અમલમાં આવેલ આદર્શ આચાર સંહિતા અમલ આવેલ છે. પ્રસ્તુત યોજના સંબંધિત કોઈ પણ કામગીરી હાથ ધરતા પહેલા આદર્શ આચાર સંહિતાનો ભંગ થતો નથી તે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે મુજબના બજેટ સદરે આકરવાનો રહેશે.

| | |
|---|---|
| માગણી નં | ૮૪ |
| સેક્ટર | ખ- સામાજિક સેવાઓના મૂડી હિસાબ |
| પેટા સેકટર | (જ) સમાજ કલ્યાણ અને પોષણનુ મુડી ખાતુ |
| મુખ્ય સદર | ૪૨૩૫ – સમાજ સુરક્ષા અને કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ |
| પેટા મુખ્ય સદર | ૦૧- પુન:સ્થાપન |
| ગૌણ સદર | ૨૦૧- અન્ય પુન:સ્થાપન યોજના |
| પેટા સદર | ૪૨ મકાનો |
| વિગતવાર સદર | ૫૩૦૦ મોટા કામ |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર

- સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી (નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી મારફત)
- વિભાગની બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ(વિભાગની વેબસાઈટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સહ)
- સેક્શન અધિકારીશ્રી, છ-૧/છ-૨ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૬

Signature Not Verified

Signed by:Jigar Patel
Section Officer
Date:2026.05.04
18:05:11 +5:30